# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: શીતલ વૈષ્ણવ

## કમ્પ્યુટરરાઈઝ: પલક પટેલ

**તારીખ:03-0૨-૨0૨૩ શુક્રવાર** **સમય: સવારે:૬:૫0**

## જળજીવન મિશન

જળજીવન મિશન હેઠળ રાજ્યમાં ૨૦૨૪ સુધીમાં તમામ ઘરમાં નળ દ્વારા પાણી અપાશે. હાલ દેશમાં અગિયાર કરોડ પાંચ લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીનો પુરવઠો મળી રહ્યો છે. જળશક્તિ રાજ્યમંત્રી પ્રહલાદસિંહ પટેલે જણાવ્યું કે સરકાર 2024 સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરમાં નળ દ્વારા પાણીનું જોડાણ આપવા માટે જળજીવન મિશનનો અમલ કરી રહી છે.

ગઈકાલે  લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી પટેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, જળજીવન મિશનની જાહેરાત સમયે, ત્રણ કરોડ 23 લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીના જોડાણ હતાં. હવે અત્યાર સુધીમાં વધુ સાત કરોડ 81 લાખ ગ્રામીણ પરિવારોને નળ મારફતે પાણીનાં જોડાણો આપવામાં આવ્યાં છે.

શીતલ વૈષ્ણવ

---

## CM - ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે આધ્યાત્મિકતા અને ધર્મનું અનુશાસન જોડાય છે ત્યારે વિકાસના નવા પરિણામો સર્જાય છે.

રામકૃષ્ણ મિશન રાજકોટ દ્વારા યોજાયેલી ગુજરાત તીર્થ યાત્રા ગઈકાલે ગાંધીનગર પહોંચતા સંન્યાસીઓ સાથે અડાલજ ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રીએ સંવાદ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમ રાજકોટના નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે, યાત્રામાં ૨૦ રાજયો તેમજ બાંગ્લાદેશ તથા નેપાળથી આવેલા સંન્યાસીઓ સહિત કુલ ૧૨૫ સંન્યાસીઓ જોડાયા છે. સ્વામી વિવેકાનંદે ગુજરાતમાં જે સ્થળોની મુલાકાત લીધી તે સ્થળોની આ તીર્થયાત્રા દરમિયાન સંન્યાસીઓ મુલાકાત લેશે.

શીતલ વૈષ્ણવ

---

## GTU - પદવીદાન સમારંભ

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે યોજાઈ ગયો. આ સમારોહમાં કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના હસ્તે પદવી અને સુવર્ણપદક એનાયત કરાયા હતા.

શીતલ વૈષ્ણવ

---

## ફોરેન્સિક સાયન્સિસ પરિષદ

**ગાંધીનગરમાં ત્રણ દિવસ માટેની  ખિલ ભારત ફોરેન્સિક સાયન્સ પરિષદનો ગઈકાલથી આરંભ થયો હતો.**

**ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે આવનાર દીવસોમાં ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતોને રાજ્યના પોલીસ મથકોએ કામગીરી સોપાશે.આ નિષ્ણાતો પોલીસની સાથે જ પહેલા દિવસથી ગુનાના તપાસમાં જોડાશે.આમ થવાથી ગુનાઓ ઝડપથી ઉકેલવામાં મદદ મળશે.સલામતીની દ્રષ્ટિએ ગુજરાત સૌથી સુરક્ષિત રાજ્ય છે  ને તેમાં કાયદાઓનું ચુસ્ત પાલન સુશાસન  ને ફોરેન્સિક સાયન્સ મહત્વના પરિબળો છે**

શીતલ વૈષ્ણવ

---

## ઘાસના જથ્થા ને મંજુરી

રાજ્ય સરકારે ગૌશાળા પાંજરાપોળ દૂધ ઉત્પાદક મંડળીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને ચાલુ વર્ષે ૧૦૦ કિલોગ્રામ વધારાના ઘાસના જથ્થાને વિનામૂલ્ય વાઢી થી લઈ જવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે અબોલ પશુઓને પૂરતા પ્રમાણમાં ઘાસનો જથ્થો મળી રહે તે માટે આ નિર્ણય લેવાયો છે. તેમણે ઉમેર્યું ચાલુ વર્ષના અંત સુધીમાં વન વિભાગ પાસે અંદાજિત 813 લાખ કિલોગ્રામ ઘાસ ઉપલબ્ધ બનશે. વન વિભાગ પાસે 700 લાખ કિલો ઘાસ સંગ્રહ કરવાની ક્ષમતા છે વધારાના 16 લાખ કિલો ઘાસ ગૌશાળા પંચાપુર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દૂધ ઉત્પાદક મંડળીઓને વાઢી લેવાની મંજૂરી અપાશે.

શીતલ વૈષ્ણવ

---

# વિશ્વ કર્મા જયંતિ

આજે  વિશ્વ કર્મા જયંતિ ની શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવા માં આવી રહી છેમહા ભારત અને પુરાણો માં વિશ્વ કર્મા નું નિરૂપણ દેવો ના શિલ્પી તરીકે થયું છેતેમણે દેવો માટે અનેક  નગરી નું નિર્માણ કર્યું હતુંકચ્છ માં વિવિધ સ્થળોએ આ  કચપર્વ ની ઉજવણી થશે ભુજ માં કચ્છ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા અન્નકૂટ અને પૂજન ના કાર્યક્રમો યોજાશે મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા મોઢેશ્વરી માતાજીના પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવશે

શીતલ વૈષ્ણવ

---

# ક્રિકેટ

મહિલાઓ માટે ની ત્રણ દેશો ની ક્રિકેટ શ્રેણી માં દક્ષિણ આફ્રિકા ની ટીમે ભારત ને 5વિકેટે  પરાસ્ત કરી  શ્રેણી જીતી લીધી છે દક્ષિણ આફ્રિકા નાં કેપટાઉન ખાતે ની મેચ માં ભારતે નિર્ધારિત 20 ઓવર માં 4 વિકેટ ગુમાવી 109 રન કર્યા હતા વળતા જવાબ માં દક્ષિણ આફ્રિકા એ 5 વિકેટ ના ભોગે 113 રન કરી મેચ જીતી લીધી હતી

શીતલ વૈષ્ણવ

---

# હવામાન

છેલ્લા  ઘણા દિવસોથી રાજ્યમાં લઘુતમ તાપમાનમાં ઉતાર ચડાવ જોવા મળી રહ્યો છે ત્યારે કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન 4.2 તો ભુજમાં 11.3 નોંધાયો હતું. આગામી પાંચ દિવસ દરમિયાન આકાશ સંપૂર્ણ સૂર્યપ્રકાશિત રહેશે તેમ જ ગુજરાતના વિવિધ ભાગોમાં ઠંડીના પારામાં બે થી ચાર ડિગ્રીનો ઘટાડો થવાનું અનુમાન હવામાન વિભાગ દ્વારા સંભાવના વ્યક્ત કરાઈ હતી.

શીતલ વૈષ્ણવ

---